# ફિલીપ રથમાં ચઢી ગયો અને ખ્રિસ્તની સુવાર્તા આપી

**બાળકોને ખ્રિસ્તની સુવાર્તા આપવાનું શીખવો.**

બાળકોની જરૂરિયાત મુજબની પ્રવૃત્તિઓ પસંદ કરો.

જો શક્ય હોય તો બાળકોને આ ચિત્રની કોપી કરવાનું કહો.



**પ્રેકૃ. ૮ :૨૬-૪૦** ઉપરથી  કોઈ **મોટો બાળક કે શિક્ષક** ફિલીપ અને હબસી ખોજાની વાર્તા વાંચે. રથમાં બેઠેલ એક અધિકારીને ખ્રિસ્તની સુવાર્તા આપવા પવિત્ર આત્મા ફિલીપની કેવી મદદ કરે છે તેની આ વાર્તા છે. આ માણસ ઈથિયોપિયાનો હતો અને તે પવિત્ર શાસ્ત્ર સમજતો ન હતો.

વાર્તા કહી રહ્યા પછી આ પ્રશ્નો પુછો :

- ફિલિપને કોણે અરણ્યના રસ્તે જવાનું કહ્યું ? (૨૬)
- તે રથ સુધી જવાને માટે શાસ્ત્રની આજ્ઞા પાળવામાં ફિલિપ કેટલી ત્વરાથી આધિન થયો ? (૩૦)
- તે ઈથિયોપિયાનો માણસ શું વાંચતો હતો ? (ક. ૩૦  તે યશાયાહ પ્રબોધકનું પુસ્તક વાંચતો હતો - આ પ્રબોધક કેટલીક સદીઓ પહેલાં થઈ ગયો હતો. યશા. પ :૩)
- આ ભવિષ્યવાણીમાં પ્રબોધક કોના વિશે કહી રહ્યો હતો ? (પ્રેકૃ. ૮ :૩૨ - તે ઈસુ વિષે કહેતો હતો કે જેને હલવાનની જેમ દોરીને મારી નાખવામાં આવ્યો.)
- ફિલિપે કેટલા સમયમાં તે ઈથિયોપિઅનને બાપ્તિસ્મા આપ્યું ? (૩૮)

ફિલિપ અને ઈથિયોપિઅનની (હબસી ખોજા)ની વાર્તાનું **નાટક બનાવો.**

- સભાના મુખ્ય આગેવાન પાસે આ નાટક રજુ કરવાની મંજુરી લો. બાળકો સાથે આ નાટકની તૈયારી કરો.
- મોટા બાળકો કે સભાજનો આ પાત્રો ભજવે.

**ઉદ્‌ઘોષક**  વાર્તાનું સંક્ષેપીકરણ કરે અને બાળકોને સંવાદો શીખવે.

**ફિલિપ**



**નાના બાળકો** આ પાત્રો ભજવે.

(૧) હબસી ખોજો    (૨) ઘોડા (એક કે બે)

(૩) દેવનો અવાજ

**ઉદ્‌ઘોષક** : પ્રેકૃ. ૮ :૨૬-૩૫ મુજબ વાર્તાનો પ્રથમ ભાગ કહે. પછી બોલે, સાંભળો, દૂત ફિલિપને શું કહે છે.

**દેવનો અવાજ** : ફિલિપ અરણ્યને માર્ગે જા. પેલો રથ તું જૂએ છે શું ? તેની સાથે થઈ જા.

**ઘોડાઓ** : બે ખુરશીની આગળ બે બાળકો ઘોડા તરીકે ઊભા રહે અને ઘોડા જેવું ચાલવાનો અભિનય કરે.

**હબસી ખોજો** : એક ખુરશી પર બેઠો હોય અને યશા. ૫૩ :૭-૮ વાંચે.

તે બોલે 'આ લખાણ મને સમજાતું નથી. આ હલવાન કોણ છે ?

**ફિલિપ** : 'હું તે સમજાવું છું' તે બીજી ખુરશી પર બેસે છે. 'આ પ્રાચીન ભવિષ્યવાણી ઈસુ વિષે છે કે જે હલવાનની જેમ આપણે માટે મરણ પામ્યા છે.

**ઉદ્‌ઘોષક** : પ્રેકૃ. ૮ :૩૬-૪૦ પ્રમાણે વાર્તાનો બીજો ભાગ વાંચે. પછી બોલે, સાંભળો, હબસી ખોજો શું કહે છે.

**હબસી ખોજો** : જૂઓ અહીં પાણી છે તો મને બાપ્તિસ્મા આપવામાં કોણ રોકે છે ?

**ફિલીપ** : જો તું ઈસુ ખ્રિસ્ત પર તારા પૂરા હૃદયથી વિશ્વાસ કરે છે તો તું બાપ્તિસ્મા પામી શકે છે.

**હબીસ ખોજો** : 'વોહ - આ ઘોડાઓ ! ઊભા રહો !'

**ઘોડા** : હણહણાટ કરે છે અને આગળનાં બંને પગ ઉછાળતા ઊભા રહેવાનો અભિનય કરે.

**ફિલીપ** : હબસી ખોજાને બાજુમાં લઈ જાય છે અને બાપ્તિસ્મા આપવાનો અભિનય કરે છે. પછી દોડે અને છુપાઈ જાય.

**હબસી ખોજો** : પેલા ભાઈ ક્યાં ગયા ? તેમણે મને બાપ્તિસ્મા આપ્યું અને અદશ્ય થઈ ગયા !

**ઉદ્‌ઘોષક** : નાટકમાં ભાગ લેનાર સર્વનો આભાર માને.

જો બાળકો આ નાટક મોટાઓ માટે કરે તો તેઓ :

- ઉપર દર્શાવેલા પ્રશ્નો પણ પૂછી શકે.
- કોઈ મોટો છોકરો સભાજનોને પૂછે, 'લોકોને ઈસુ વિષે કહેવા માટે પવિત્ર આત્મા બીજા ક્યા માર્ગો વાપરે છે ? લોકોને દાખલા આપવા દો.

અરણ્યમાં રસ્તો છે તેવું **ચિત્ર દોરો.**



- બાળકો આ ચિત્રોની કોપી કરે અને પોતાના માબાપને તેમજ ભજનસેવા વખતે સભામાં પ્રદર્શિત કરે.
- તેઓ બે માણસો બેઠા છે તેવા અને એક ઘોડાથી ખેંચાતા રથનું ચિત્ર દોરે.
- મોટા છોકરા નાનાઓની મદદ કરે.

યો. ૩ :૧૬ **મુખપાઠ કરો.**

ત્રણ બાળકો યશા. ૫૩ :૬-૮ એક એક બોલી જાય

કેટલાક મોટા છોકરા ફિલિપની વાર્તાનું ગીત લખી શકે.

**પ્રાર્થના :** પ્રેમી પિતા, તમારો આત્મા અમને દોરે ત્યારે અમે આધિન થવા ચાહીએ છીએ. જે લોકોને તમે સુવાર્તા સાંભળવા માટે તૈયાર કર્યા છે તેઓ તરફ અમને દોરી જાઓ. તમારા દીકરાની બાઈબલ વાર્તાઓ કહેવા માટે અમને યાદશક્તિ આપો. તમે જે અજાયબ કાર્યો કર્યા છે તે બધા જાણે તેવું અમે ઈચ્છીએ છીએ.

Copyright 2004 © by Paul-Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net.